## યુનિ.માં નેક કમિટિની મુલાકાતને ધ્યાનમાં રાખીને

# અધ્યાપકો બાદ હવે સિન્ડિકેટ સભ્યો માટે પણ ડ્રેસ કોડ

વડોદરા,શનિવાર

એમ.એસ.યુનિવર્સિટી કેમ્પસમાં ચારે તરફ નેકની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

## સિન્ડિકેટ સભ્યો કયા રંગનુ બ્લેઝર પહેરશે અને ક્યાં જઈને બ્લેઝર સિવડાવશે તે વીસીએ નક્કી કર્યુ

નેક રેન્કિંગના ભાગરુપે આવનારી ટીમ સમક્ષ સારી છાપ છોડવા માટે યુનિવર્સિટી સત્તાધીશો કોઈ કસર બાકી રાખવા માંગતા નથી.નેક ટીમ મુલાકાત લે ત્યારે દરેક ફેકલ્ટીના અધ્યાપકોને બ્લેઝર અથવા સાડી પહેરવા માટે અપીલ કરાઈ છે અને હવે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો માટે પણ ડ્રેસકોડ નક્કી કરાયો છે.યુનિવર્સિટીના રજિસ્ટ્રારે તમામ સિન્ડિકેટ સભ્યોને આ અંગેનો સંદેશો વાઈસ ચાન્સેલરના હવાલાથી મોકલ્યો છે અને તેમાં એક ચોકકસ શો રુમ બજઈને બ્લેઝર સિવડાવવા માટે માપ આપવાની અપીલ કરાઈ છે.સાથે સાથે બ્લેઝર એક જ રંગનુ હશે.આમ સિન્ડિકેટ સભ્યો કયા રંગનુ બ્લેઝર પહેરશે અને બ્લેઝર ક્યાં સિવડાવશે તે પણ વાઈસ ચાન્સેલરે નક્કી કર્યુ છે.નેક કમિટિ ૨૫ થી ૨૭ ઓગસ્ટ દરમિયાન યુનિવર્સિટીની મુલાકાત લેવાની છે.